Extra No. 213

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, JUNE 13, 2025 / JYAISTHA 23, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાના પત્ર જા.નં. પીબી/૧૯૮૬/સને ૨૦૨૫, તા.૩૧/૦૫/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૦૬૮ થી ૩૧૧૫/૨૦૨૫, તા.૦૩/૦૩/૨૦૨૫

(3) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૭૦૧૧ થી ૭૦૪૮ /૨૦૨૫.-કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળા દ્વારા વંચાણ- (૧)ના પત્રથી જણાવ્યા મુજબ મોવી-દેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦)ની ચેઈનેજ કિ.મી. ૦/૯૦૦ થી ૧/૦૦ પર આવેલ માઈનોર બ્રીજ તુટી જવા પામેલ હોય, માઈનોર બ્રીજની જગ્યા પર તદ્દન કામચલાઉ ટેમપરરી કાચું ડાયવર્ઝન બનાવી રસ્તો લાઈટ મોટર વીહીકલ્સ માટે ચાલુ રાખેલ છે. સદર તૂટી ગયેલ બ્રીજના સ્થાને નવા હાઈ લેવલ બ્રીજના બાંધકામ માટેની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેલ છે અને ઈજારદારશ્રીને કામનો વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. સદરહુ બ્રીજ પર હાલ ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે)નો વાહનવ્યવહાર શક્ય ન હોઈ, સદરહુ રસ્તા પર હેવી લોડેડ વીહીકલ્સના વાહનવ્યવહારને તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી પ્રતિબંધિત કરી, ડાયવર્ટ કરવા અંગે જાહેરનામું બહાર પાડવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે.

અત્રેની કચેરીના વંચાણ-(૨)ના જાહેરનામાથી સદરહુ રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે તા.૦૩/૦૩/૨૦૨૫ થી તા. ૧૫/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી, રૂટ ડાયવર્ઝન આપવામાં આવેલ છે.

ઉપરોક્ત વિગતોએ ઉક્ત રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી બંધ કરી રૂટ ડાયવર્ઝન મુકવું આવશ્યક જણાય છે.

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ ૩૩(૧)(બી) તથા વંચાણ-(૩)થી મળેલ સત્તાની રૂએ મોવી-દેડીયાપાડા રોડ (એસ.એચ.-૧૬૦) ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એકસેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી બંધ કરી હેવી લોડેડ વીહીકલ્સ માટે નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

ટાફિક ડાયવર્ઝનની વિગત

- દેડીયાપાડાથી રાજપીપળા તરફ જતાં ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) દેડીયાપાડા-નિવાલ્દા-નિંગટ-કોયલીવાવ-સીંગલવાણ-જાંબાર-મોસકુવા-થપાવી-સેજપુર બેડાકમ્પની શણકોઈ-ચંદ્રવાણ થઈ નેત્રંગ થઈ કાંટીપાડા-કોચબાર-કરાઠા-મોવી થઈ રાજપીપળા તરફ જઈ શકશે.

- રાજપીપળાથી દેડીયાપાડા તરફ જતાં ભાર વાહક મોટા વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વીહીકલ્સ (ટેમ્પો, બસ, ટ્રક, મલ્ટી એક્સેલ લોડેડ વીહીકલ્સ તથા હેવી કમર્શિયલ વીહીકલ્સ વિગેરે) મોવીથી કરાઠા-કોચબાર-કાંટીપાડા-નેત્રંગ થઈ ચંદ્રવાણ-શણકોઈ-બેડાકમ્પની-સેજપુર-થપાવી-મોસકુવા-જાંબાર-સીંગલવાણ-કોયલીવાવ-નિંગટ-નિવાલ્દા થઈ દેડીયાપાડા તરફ જઈ શકશે.

સદરહુ રસ્તો હેવી લોડેડ વીહીકલ્સ માટે બંધ હોવા અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રી, રાજપીપળા (મા.મ.) વિભાગ, રાજપીપળાએ કરવાની રહેશે.

// અમલવારીનો સમય //

આ જાહેરનામાની અમલવારી તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

// શિક્ષા //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા તા.૧૨-૦૬-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.06.26 13:22:12 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara